# ભિલોડા તાલુકામાં એકા-એક વાતાવરણમાં પલટો આવ્યા બાદ કમોસમી વરસાદ ખાબક્યો

## પોષ મહિનામાં આષાઢી માહોલ સર્જાયો : ખેડુતોને નુકશાનના કારણે ખેડુતો ચિંતાતુર બન્યા હતા

ભિલોડા,તા.૨૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા સહિત શામળાજી, સુનોખ, ચિઠોડા પંથકમાં એકા-એક વાતાવરણમાં નાટ્યત્મક રીતે પલટો આવ્યા બાદ કમોસમી વરસાદ ખાબક્યો હતો.પોષ મહિનામાં કાતીલ ઠંડીના માહોલમાં આષાઢી માહોલ સર્જાયો હતો.ખેડુતોને નુકશાનના કારણે ખેડુતો ચિંતાતુર બન્યા હતા.એક તરફ ઠંડીની સીઝન ચાલી રહી છે ત્યારે વાતાવરણમાં નાટ્યાત્મક રીતે પલટો આવ્યા બાદ વાદળો ઘેરાયા હતા.

ભિલોડા પંથકમાં કમોસમી વરસાદ આવતા ખેડુતો,પ્રજાજનો હેરાન-પરેશાન બન્યા હતા. આકાશમાં ઘટાટોપ વાદળો ઘેરાતા હોવાના કારણે ખેડુતોની નજર આકાશ તરફ જ હોય છે. વાતાવરણમાં એકા-એક નાટ્યાત્મક રીતે પલટો આવતો હોવાના કારણે ખેડુતોના જીવ ગભરાયા હોવાનું જાણવા મળેલ છે. આકાશમાં ગોરંભાયેલા વાદળોના કારણે કમોસમી વરસાદ આવતા ભીની માટીની મહેંક પ્રસરી હતી.ઠંડીની સીઝનમાં અષાઢી માહોલ સર્જાતા ખેડુતો ચિંતાતુર બન્યા હતા.કમોસમી વરસાદ આવતા ઘઉં, દિવેલા, વરીયાળી, કપાસ, ચણા, રાયડો, મગફળી, બટાટા સહિત વિવિધ પ્રકારના ઉભા પાકને નુકશાન થયેલ હોવાનું ખેડુતો ધ્વારા જાણવા મળેલ છે.

ઉત્તરાયણના પર્વ બાદ ઉત્તર દિશામાંથી ઠંડાગાર પવનો ફુકાતા કમોસમી વરસાદ ખાબક્યો હતો.પવન ફુકાવાના કારણે ઠંડીનું પ્રમાણ વધતાં પ્રજાજનો ગભરાયા હતા.ઉત્તરાયણના પર્વ બાદ સુર્યના કિરણો સીધા પડવાની શરૂઆત સ્વભાવીક રીતે થતી હોય છે પણ ઉત્તરાયણના પર્વ બાદ સામાન્ય રીતે ગરમીનો શુભારંભ થતો હોય છે પરંતુ અત્રે ઉલ્લેખનીય છે કે ગ્લોબલ વોર્મિંગની વિપરીત અસરોના કારણે છેલ્લા કેટલાક વર્ષોથી ઋતુચક્રમાં ક્યારે ફેરફાર થાય તેનો અંદાજો કોઈ હોતો નથી.



# સાબરકાંઠામાં કમોસમી વરસાદ

**ખેડબ્રહ્માંમાં ભરશિયાળે વરસાદી માવઠું**

ખેડબ્રહ્મા પંથકમાં સોમવાર રાત્રીના ૩ વાગ્યાથી શરૂ થયેલ વરસાદથી લોકોમાં અફરાતફડી મચી ગઈ હતી. ભર શિયાળામાં થયેલા વરસાદના કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવાથી ગંદકીથી શહેર ખદબદી ગયું હતું. ખેડબ્રહ્મા શહેરમાં ચાલતા ગટરકામના ખોદકામ બાદ પૂરતું પુરાણ ન કરાતાં ઠેર ઠેર ભૂવા પડી ગયા હતા જેને કારણે શહેરીજનો ભારે મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા. રામેશ્વર નગરમાં બિમાર વ્યકિતને બહાર કાઢવામાં પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરી હોસ્પિટલ લઈ જવાયા હતા જયારે ગંદકી અને વરસાદના કારણે બાળકોએ સ્કુલમાં જવાનું પણ ટાળ્યું હતું. ખેડબ્રહ્મા શહેરમાં બપોર સુધીમાં ૧૧ મીમી વરસાદ નોંધાયો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ)

હિંમતનગર, તા.૨૧

સાબરકાંઠા જિલ્લામાં સોમવારે સાંજથી જ વાતાવરણમાં પલટો આવ્યો હતો અને આકાશ વાદળછાયું થઈ ગયું હતું. દરમિયાન રાત્રિના સમયે સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના ૧૩ તાલુકામાં ઓછા વત્તા પ્રમાણમાં કમોસમી વરસાદ ગાજવીજ સાથે પડયો હતો.

હિંમતનગર ખાતે આવેલા ડિઝાસ્ટર કચેરીથી મળેલ માહિતી મુજબ સાબરકાંઠાના હિંમતનગરમાં ૫ મી.મી., ઈડરમાં ૨, ખેડબ્રહ્મામાં ૪, પ્રાંતિજમાં ૭, વડાલીમાં ૨ અને વિજયનગરમાં ૬ મી.મી. વરસાદ નોંધાયો હતો. જયારે અરવલ્લી જિલ્લાના મોડાસામાં ૨૪, મેઘરજમાં ૩૨, માલપુરમાં ૧૫, ધનસુરામાં ૨૨ ભિલોડામાં ૫ અને બાયડમાં ૨૦ મી.મી. વરસાદ નોંધાયો હતો.

# પટોસણ ગામના સરપંચ તરીકે ઝાલમભાઈ ચેલાભાઈ ચૌધરી ચૂંટાયા

પાલનપુર, તા. ૨૧

પાલનપુર તાલુકાના પટોસણ ગામના સરપંચની તેમજ અન્ય ત્રણ ગામોના વોર્ડની પેટા ચુંટણીનું પરિણામ આજરોજ પાલનપુરમાં પ્રાંત ઓફીસ ખાતે રાખવામાં આવ્યું હતું. પાલનપુર તાલુકાના પટોસણ ગામમાં સરપેચ તેમજ જગાણામાં વોર્ડ નં.૪, સામઢી રાણાજીવાસમાં વોર્ડ નં.૬ અને સેજલપુરામાં વોર્ડ નં.૪ની પેટા ચુંટણી રવિવારે જે તે ગામમાં યોજાઈ હતી. દરમ્યાન આજરોજ પાલનપુરમાં પ્રાંત ઓફીસ ખાતે ચુંટણી અધિકારી અને નાયબ મામલતદાર પંચાલની ઉપસ્થિતિમાં મત ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં પટોસણ ઝાલમભાઈ ચેલાભાઈ ચૌધરી સરપંચ તરીકે વિજેતા થયા હતા. જ્યારે જગાણા વોર્ડ નં.૪માં લવજીભાઈ વાધુભાઈ દેસાઈ, સામજી રાણાજીવાસ વોર્ડ નંબર.૬માં દોલસંગભાઈ તેજમલસિંહ સોલંકી અને સેજલપુરા વોર્ડ નં.૪માં આસુબાઈ મહંમદ હુસૈનભાઈ પરબડીયા વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

# ખેડબ્રહ્મા તાલુકાની ચાર પંચાયતોના સરપંચના વિજયી સરઘસ નિકળ્યા

ખેડબ્રહ્મા, તા. ૨૧

ખેડબ્રહ્મા તાલુકાની ચાર ગ્રામ પંચાયતોની રવિવારના રોજ મતદાન થયું હતું. જેની મતગણતરી મંગળવારના રોજ ખેડબ્રહ્મા મામલતદાર કચેરીમાં યોજવામાં આવી હતી.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)



મતગણતરી શરૂ થતા જ સરપંચો અને ટેકેદારો મોટી સંખ્યામાં મામલતદાર કચેરીએ ઉમટી પડ્યા હતા. મતગણતરી બાદ રોધરા ગ્રામ પંચાયતમાં ૩૪૧ મતોથી બીબીબેન ડાભી પરોયા ગ્રામ પંચાયતમાં ૯૬૫ મતોથી ભાઈલાલ છગનજી દેવડા, ઉંચિધનાલ ગ્રામ પંચાયતમાં ૭૫૯ મતોથી ચુનાભાઈ રામછાભાઈ ગમાર અને તુવર ગ્રામ પંચાયતમાં ૪૬૭ મતોથી શેનાભાઈ ગલાભાઈ ગમાર વિજયી થયા હતા. ઉમેદવારો વિજય જાહેર થતા તેમના ટેકેદારોએ તેમને ફૂલહાર કરી ગુલાલ ઉડાડી વિજયી સરઘસ નિકાળ્યા હતા.

# સાબરકાંઠાની ડાક અને પેન્શન અદાલત યોજાશે

હિંમતનગર, તા.૨૧

હિંમતનગર મુકામે મુખ્ય પોસ્ટ ઓફિસના પહેલા માળે વિભાગીય કાર્યાલયમાં આગામી તા. ૩૦મી જાન્યુઆરી ૨૦૧૪ના રોજ ૩ કલાકે ટપાલ સેવા અને પોસ્ટલ પેન્શનને લગતા પ્રશ્નોના નિકાલ માટે ડાક તથા પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ અદાલતમાં ખાસ કરીને સાદી ટપાલ, રજિસ્ટર્જ મની ઓર્ડર, વી.પી. પાર્સલ કાઉન્ટર સર્વિસ, સેવિંગ્સ બેંક, નાણાકીય ગોલમાલ તથા પોસ્ટલ પેન્શનને લગતા પ્રશ્નો ચર્ચવામાં આવશે. આથી દરેક સંબંધકર્તાએ તેમના નીતિ વિષયક મુદ્દા સિવાયના પ્રશ્નો અધિક્ષક ડાકઘર, સાબરકાંઠા વિભાગ, હિંમતનગર ૩૮૩૦૦૧ને મોડામાં મોડા તા. ૨૫-૧-૨૦૧૪ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે તેમ જણાવવામાં આવ્યું છે.

## દુઃખદ અવસાન

ધનસુરા, તા.૨૧

ધનસુરા ખાતે રહેતા પંકજ ફર્ટીલાઈઝર્સના માલિક અને મોઢ પાટીદાર સમાજના અગ્રણી પુરુષોત્તમ દાસ હેમજીભાઈ પટેલ (દાસકાકા)નું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની સ્મશાન યાત્રમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાયા હતાં.

### ઉત્તરાર્ધ મહોત્સવનો મોઢેરા ખાતે પ્રારંભ

# કથ્થક અને ભરત નાટયમના નૃત્યથી વાતાવરણ જીવંત બન્યું

## દિલ્હીના નમ્રતા રાયે કથ્થક, સુશ્રી કૃપા રવિએ શાસ્ત્રીય નૃત્ય રજૂ કર્યું

મહેસાણા, તા.૨૧

શિલ્પ કલાનું સૌંદર્ય અને નૃત્ય કલાના ઝણકારના પવિત્ર સમન્વય સાથે ઉત્તરાર્ધ મહોત્સવનો પ્રારંભ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી રમણલાલ વોરા, ગૃહ રાજય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલ, સાંસદશ્રી જયશ્રીબેન પટેલ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના સચિવશ્રી ભાગ્યેશ જહા, કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલે દીપ પ્રગટાવી કરાવ્યો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત કલાકારોએ રજુ કરેલ કલાને બિરદાવતા શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના શાસનમાં ગુજરાતની વિવિધ બાબતોમાં આમુલ પરિવર્તન આવ્યું છે. જેમાં મોઢેરાનો ઉત્તરાર્ધ મહોત્સવ અને વડનગર તાનારીરી મહોત્સવને કારણે સંગીત ક્ષેત્રે દેશ અને વિદેશમાં ગુજરાતની આગવી ઓળખ ઉભી થઈ છે તેમજ મહેસાણા જિલ્લાનું નામ પ્રવાસન અને સંગીત ક્ષેત્રે આગળ આવેલ છે.

આ પ્રસંગે ગૃહ રાજયમંત્રીશ્રી રજનીકાન્ત પટેલે જણાવ્યુંહતુંકે સમાજનું ગૌરવ, સ્થુળ પદાર્થો મહાલયો કે ભવ્ય મકાનો કરતાં ચેતનાને ઉજાગર કરતી કલાઓ, કવિતાઓ અને સંગીત પરંપરાઓ ધબકતી હોય તેમાં છે તેજ સમાજને સંસ્કૃતિ બનાવી સાચા મહારથીઓ આપે છે. જેમાં મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની સંસ્કૃતિને આ પ્રકારના ઉત્સવો દ્વારા આગવી ઓળખ આપી છે.

આજે મહેસાણાના મોઢેરા ખાતે આવેલ સૂર્યમંદિરના પ્રાંગણમાં શાસ્ત્રીય સંગીત સમારોહની શરુઆત થઈ હતી. જેમાં કથ્થક, ભરત નાટયમ જેવા શાસ્ત્રીય નૃત્યોનો રસથાળ પીરસવામાં આવ્યો હતો. જેને ગુજરાત અને ગુજરાત બહારથી આવેલા રસિકોએ મન ભરીને માણ્યો હતો. પોતાના વકતવ્યમાં રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવશ્રી ભાગ્યેશ જહાએ હતું કે દરેક કલાકારની એક અદમ્ય ઈચ્છા હોય છે કે તે એક વખત મોઢેરા સૂર્યમંદિર સમક્ષ પોતની કલા પ્રસ્તુત કરે, મોઢેરાની ધરતીમાં ગજબનું સ્પંદન છે. વડનગર ખાતે ઉજવતી તાનારીરી મહોત્સવ તેનું બીજું ઉદાહરણ છે.

આ મહોત્સવમાં દિલ્હીથી આવેલ નમ્રતા રોય અને તેમની ટીમ દ્વારા કથ્થક શાસ્ત્રીય નત્ય, કૃપા રવિએ ભરત નાટયમ, વિદેશી કલાકાર ગાના શિરોનોવા યુકેએ ભરત નાટયમ અને રાજકોટના મીરાં નિગમ ઉપાધ્યાયે શાસ્ત્રીય નૃત્ય ભરત નાટયમ રજુ કર્યું હતું. ઉત્તરાર્ધ મહોત્સવ કાર્યક્રમ અંતર્ગત કલેકટરશ્રી રાજકુમાર બેનીવાલે સ્વાગત પ્રવચન કરી શ્રોતાઓ તેમજ મહેમાનોને આવકાર્યા હતા.

કાર્યક્રમમાં યુવક સેવા સચિવશ્રી કે.ડી કાપડિયા, વેસ્ટ ઝોન કલ્ચર નિયામકશ્રી શૈલેન્દ્ર દસોરા, માહિતી કમિશનર (માહિતી અધિકારી) શ્રી વી.એસ. ગઢવી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી એચ.એન. ઠકકર, જિલ્લા પોલિસ અધિક્ષકશ્રી જે.આર. મૌથલીયા સહિત જિલ્લાના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ સહિત મોટી સંખ્યામાં શ્રોતાગણ ઉપસ્થિત રહ્યો હતો.

# ભિલોડા આર. જી. બારોટ એમ.એસ.ડબલ્યું. કોલેજમાં વિવિધ કાર્યક્રમો યોજાયા

ભિલોડા,તા.૨૧

ભિલોડા આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું કોલેજમાં નિબંધ લેખન, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો. આર.જી.બારોટ એમ.એસ.ડબલ્યું કોલેજમાં સીસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેકટ્રોરલ પાર્ટીશીપેશન (સ્વીપ) પ્લાન-૨૦૧૪ મતદાન સુધારણા જાગૃતિ અભિયાન અંતર્ગત-લોકશાહી શાસન વ્યવસ્થામાં મતદાનની આવશ્યકતા, સર્વદાનોમાં શ્રેષ્ઠદાન મતદાન,નિષ્પક્ષ અને ભયમુક્ત મતદાન, આજના સમયની માંગ વિગેરે જેવા વિષયો પર નિબંધ લેખન સ્પર્ધા અને આજની સૌથી મોટી કટોકટી મતદાનની ઉદાસીનતા,સાચો મતદાર સાચો રાષ્ટ્રવાદી, નિષ્પક્ષ મતદાન સામેના પડકારો, જ્ઞાતિ, જાતિ અને ધર્મ જેવા વિષયો પર વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મતદારો સામેના ભયસ્થાનો, ચુંટણી મથકની મુલાકાતનું દશ્ય, ચુંટણી પ્રચારનું એક ઓબહુબ દશ્ય વિગેરે વિષયોની ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. દરમ્યાન તાલિમાર્થીઓએ સભાનપણે પોતાના વિચારો રજુ કર્યા હતા. આર.જી.બારોટ એમ.એસ. ડબલ્યું કોલેજ આચાર્ય કુમારી મિત્તલબેન બરંડાના માર્ગદર્શન હેઠળ સમગ્ર સ્ટાફ પરીવાર ધ્વારા કરવામાં આવેલ હતું.



**લક્ષ્મીપુરાની શાળામાં તિથિ ભોજન પીરસાયું**

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામે સોમવારે આદર્શ પ્રાથમિક શાળામાં તિથિ ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. જે તથિ ભોજનના દાતા મુંબઈ નિવાસી સ્વ. નિર્મળાબેન સાકળચંદ પરીખના સ્મણાર્થે તેમની પુત્રી કિર્તિદાબેન પરીખ દ્વારા આપવામાં આવ્યું હતું. શાળાના બાળકોને તિથિ ભોજન કરાવાયું હતું. આ પ્રસંગે શાળાના આચાર્યા જયોત્સનાબેન ડી. પ્રજાપતિ સહિત સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. (તસવીર : રમેશ વૈષ્ણવ)





**વાડદ ગામે મુસ્લિમ સમાજનો સમૂહલગ્નોત્સવ યોજાયો**

નવજીવન ચેરીટેબલ એન્ડ એજયુકેશનલ ટ્રસ્ટ દ્વારા ગલતેશ્વર તાલુકાના વાડદ ખાતે મુસ્લિમ સમાજના યુગલો માટે જશ્ને સમુહ શાદી (સમૂહલગ્ન)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ ૩૧ યુગલોએ નિકાહ કર્યા હતા. આ સમુહ લગ્નોત્સવમાં કલંદર બાવા ઠાસરાના ધારાસભ્ય રામસિંહ પરમાર, પેશ ઈમામ તાજુદીન બાપુ અને અન્ય સામાજીક અગ્રણીઓએ નવ યુગલોને આશીર્વાદ આપ્યા હતા. ઉપરાંત વણાંકબોરીવાળા કાદરીબાપુએ પોતાના વકતવ્ય માં મુસ્લિમ સમાજને કુરિવાજોને તિલાંજલી આપી સમૂહ શાદીમાં સામેલ થવા અપીલ કરી હતી. (તસવીર : શહીદ ચૌહાણ)



ગોઝારીયા આદર્શ પ્રાથમિક કન્યા શાળાની ધો. ૪ની ૫૫ બાળાઓએ 'જનરલ નોલેજ ક્વીઝ'માં ભાગ લીધો હતો. જેમાં વર્ગ શિક્ષકશ્રી ગીતાબેન વાઘેલા દ્વારા કુલ ૧૦૦ પ્રશ્નો આપવામાં આવ્યા હતા. જેમાં કુ. જાનવી રાવળે તમામ પ્રશ્નોના સાચા જવાબ લખીને પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. કુ. હિના રાવળ, કુ. દિવ્યા પરતેતી, કુ. ખુશી ઠાકોર વગેરેએ પણ દ્વિતિય અને તૃતિય નંબર પ્રાપ્ત કર્યો હતો. આ વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવાયા હતા.

# અજાણ્યા શખ્સ દ્વારા એટીએમ બંધ થઈ ગયું છે તેમ કહી, વિગતો મેળવી પૈસા ઉપાડી લીધા

પાલનપુર, તા. ૨૧

પાલનપુર તાલુકાના ખોડલા ગામના યુવકને અજાણ્યા મોબાઈલ ઉપરથી ફોન કરી બેંકના ખાતાની જાણકારી મેળવી એટીએમમાંથી ૪૫૦૦ રૂપિયા ઉપાડી લેતા તાલુકા પોલીસ મથકે જાણ કરવામાં આવી હતી.

પાલનપુર તાલુકાના ખોડલા ગામના નાગજીભાઈ હમીરજી ઠાકોરને ૧૧ જાન્યુઆરીના રોજ મોબાઈલ નંબર ૯૯૩૪૦૫૦૯૨૨ ઉપરથી ફોન આવેલ અને એટીએમ કંપનીમાંથી બોલું છું તમારૂ એટીએમ બંધ થઈ ગયેલું છે. તેમ કહી એટીએમની તમામ જાણકારી લઈ તેમના બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી રૂ. ૪૫૦૦ ઉપાડી લીધા હતા.

જેની જાણ નાગજીભાઈને થતા તેઓએ બેંકમાં તપાસ કરતા તેમના ખાતામાંથી પ્રથમ ત્રણ હજાર અને તુરત જ ૧૫૦૦ રૂપિયા કુલ મળી ૪૫૦૦ રૂપિયા ઉપડી ગયા હોવાનું માલુમ પડતા આજરોજ પાલનપુર તાલુકા પોલીસ મથકે આ ઘટના અંગે જાણ કરી હતી.

## દુઃખદ અવસાન

ધનસુરા, તા.૨૧

ધનસુરા તાલુકાના કંજરી કંપાના અગ્રણી નરેન્દ્રભાઈના માતૃશ્રી શાંતાબેનનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થની અંતિમ વિધિમાં મોટા પ્રમાણમાં શહેરીજનો અનો પરિવારજનો જોડાયા હતાં.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેકટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન